# ભારત સરકારના "રસાયણયુક્ત ખાતરના કાર્યક્ષમ ઉપયોગ" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કરવામાં આવ્યું

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, અરણેજ ખાતે તારીખ ૨૨.૧૦.૨૦૧૯ ના રોજ ભારત સરકારના "રસાયણયુક્ત ખાતરના કાર્યક્ષમ ઉપયોગ" કાર્યક્રમનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લામાંથી ડૉ. વી. એમ. બથાર (પ્રોજેક્ટ ડાયરેક્ટર, અમદાવાદ), શ્રી એ.આર. પટેલ, (જી.એસ.એફ.સી., ધોળકા), શ્રી આર. બી. પટેલ (જી.એન.એફ.સી., બાવળા) તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક અને જીલ્લામાંથી કુલ ૧૯૫ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. વી. એમ. બથારએ ખેડૂતોને સજીવ ખેતી અપનાવા માટે ભાર મૂક્યો હતો. શ્રી એ.આર. પટેલએ રસાયણયુક્ત ખાતરનો વપરાશ ઘટાડવા અને પાક માવજતની જરૂરી કાળજી લેવા ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી આર. બી. પટેલએ જમીન સ્વાસ્થય સુધારણા ઉપર વ્યાખ્યાન આપ્યું અને ડૉ.જે.કે.પટેલએ રસાયણયુક્ત ખાતરના કાર્યક્ષમ ઉપયોગ વિષે સમજ આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ.જે.એચ.પટેલ, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન)એ કર્યું હતું.

# <u>કાર્યક્રમની ઝાંખી</u>












